## –:: આંક–૦૧ હેઠળ હુકમ ::–

(૧) અરજી વંચાણે લીધી. અરજી સાથે રજુ થયેલા ડોક્યુમેન્ટ ધ્યાને લીધા તથા અરજદારના વકીલશ્રીની મૌખિક રજુઆત ધ્યાને લીધી.

(૨) આ કામે અરજદારે હાલની અરજી SARFAESI ACT ની કલમ–૧૪ અન્વયેની દાખલ કરેલ છે. સામાવાળાએ અરજદાર બેન્ક પાસેથી મેળવેલ લોન ભરપાઈ કરવામાં નિષ્ફળ જતા સામાવાળાને SARFAESI ACT ની કલમ–૧૩(૨) હેઠળની નોટીસ આપેલી તેમ છતા સામાવાળા બાકી લોનની રકમ ભરવામાં નીષ્ફળ જતા હાલની અરજી SARFAESI ACT ની કલમ–૧૪ હેઠળ સામાવાળાની સીક્યોર્ડ મીલકતનો પ્રત્યક્ષ કબ્જો કોર્ટ કમીશ્નર નીમી અરજદાર બેન્ક/સંસ્થાને સુપ્રત કરવા માટે અરજ કરેલ છે.

(૩) આ કામે રજુ થયેલ ડોક્યુમેન્ટ ધ્યાને લેતા, સામાવાળાની અરજદાર બેન્કમાં સીક્યોર્ડ કરેલ મિલકતનું વર્ણન નીચે મુજબ છે.

**All The Pieces And Parcel Of The Immovable Property Bearing Unit No.F** 107 **With Carpet Area Admeasuring** 44.63 **Sq.Mtrs I.E.** 53.38 **Sq. Yards, On The** 1 ST **Floor Of "F" Block, Along With Additional Area Of** 1.79 **Sq. Mtrs I.E.** 2.14 **Sq. Yards Of Wash And Known As "Arvind Aavishkar" Standing On Na Lease Hold Land Bearing Final Plot No.** 41/**P**/1 +42/**P**/1, **Sub Plot No.** 2**C, Admeasuring** 17090 **Sq. Mtrs Paikii** 8105 **sq. Mtrs Of Mouje Asarwa, Sub District Ahmedabad** 6(**Naroda**), **Near Aravind Smart City, Near Ashok Mill Compound, Near Ashok Mill, Brts, Naroda Road, Asarwa, Ahmedabad**–380016 **And Standing In The Name Of Mr Harvirkumar Bhupsingh Nai and Bounded As Under**:

**East**: **Common Passage** & **Lift** & **Unit F**-706

**West**: **Common Plot Of Project**

**North**: **Unit F** 708

**South**: **Future Project**.

(૪) ઉપરોક્ત વર્ણવેલ સીક્યોર્ડ મિલકત ઉપર સામાવાળાઓએ અરજદાર Axis Bank LTD. પાસેથી લોન મેળવેલી. જે લોનના હપ્તા ભરવામાં સામાવાળાઓ નિષ્ફળ જતા આ લોન તા.૧૦/૦૪/૨૦૨૫ ના રોજ એન.પી.એ. થયેલી. અરજદાર બેન્ક દ્વારા તા.૦૨/૦૫/૨૦૨૫ ના રોજ SARFAESI ACT ની કલમ-૧૩(૨) મુજબ નોટીસ આપેલ છે. તેમજ અરજદાર બેન્ક દ્વારા કલમ-૧૩(૪) મુજબની તા.૧૭/૧૧/૨૦૨૫ અને તા.૧૯/૧૧/૨૦૨૫ ના રોજ સીમ્બોલીક, ગુજરાતી અને ઈંગ્લીશ વર્તમાનપત્રમાં નોટીસ પ્રસિદ્ધ કરવામાં આવેલ તેમ છતા સામાવાળાઓએ બાકી લોનની રકમ ભરપાઈ કરેલ નથી જેથી હાલની અરજી અરજદાર બેન્ક દ્વારા ઉપરોક્ત વિગતવાળી સામાવાળાની સીક્યોર્ડ મિલકતનો કબ્જો મેળવવા માટે હાલની અરજી કરેલ છે.

(૫) અરજદારે રજુ કરેલા તમામ દસ્તાવેજોને ધ્યાને લેતા, સામાવાળા લોનની રકમ ભરપાઈ કરવામાં નિષ્ફળ ગયેલા છે જેથી અરજદારે SARFAESI ACT ની કલમ-૧૩(૨) મુજબની નોટીસ સામાવાળાને આપેલી છે અને તે નોટીસ બજી જવા છતા સામાવાળાએ રકમ ભરપાઈ કરેલ નથી. ***In view of the Judgment of the Hon'ble Gujarat High Court as decided in SPECIAL CIVIL APPLICATION NO:215 OF 2011 IN case of IDBI BANK LTD VS. DISTRICT MAGISTRATE AND OTHERS where in Para No:8 (xi) it is held that, The Chief Metropolitan Magistrate Court has no power to adjudicate the dispute between the parties. Hence this Court cannot go into the merits of***

***the claim.*** જેથી સદર અરજી ચલાવવાની અત્રેની કોર્ટને હકુમત હોવાથી SARFAESI ACT ની કલમ-૧૪ મુજબ તકરારી મીલકતનો કબ્જો મેળવવાની અરજી મંજુર થવાને પાત્ર છે, જેથી અરજી લગત નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુ ક મ ::-**

(૧) અરજદારની હાલની અરજી આથી **મંજુર** કરવામાં આવે છે.

(૨)આથી **Mr. H.R.Prem, Assi. Supri. Court No.**33 નાઓને આ કામે કોર્ટ કમીશ્નર તરીકે **U/S 14 of the SARFAESI ACT** અન્વયે નિમણૂક કરવામાં આવે છે.

(૩) કોર્ટ કમીશ્નરશ્રીને આદેશ કરવામાં આવે છે કે, આ અરજીમાં જણાવેલ સીક્યોર મીલકતનું પઝેશન મેળવી અરજદાર **Axis Bank LTD.** ના અધીકૃત વ્યક્તિ **Mr. Bhavesh Udasi** નાઓને સોંપી આપવુ.

(૪) જો બોજાવાળી મિલકત બંધ હોય તો કોર્ટ કમીશ્નરશ્રીએ લોક તોડીને તેનો કબ્જો મેળવવો.

(૫) જો લોક તોડીને બોજાવાળી મિલકતનો કબ્જો મેળવવામાં આવે તો કોર્ટ કમીશ્નરશ્રીએ મિલકતમાં રહેલ તમામ મુવેબલ પ્રોપર્ટીનું લીસ્ટ તૈયાર કરવુ અને તે લીસ્ટ અરજદાર **Axis Bank LTD.** ના અધિકૃત ઓફીસરને સુપ્રત કરવુ.

(૬) અરજદાર **Axis Bank LTD.** નાએ જે તે હકુમતવાળા પોલીસ સ્ટેશન પાસેથી પોલીસ પ્રોટેક્શન પોતાનાં ખર્ચે મેળવવાનું રહેશે. તે માટે પોલીસ કમીશ્નર/ડીસ્ટ્રીક્ટ સુપ્રીન્ટેન્ડેન્ટશ્રીને સુચના આપવામાં આવે છે કે, અરજદાર

તરફથી યોગ્ય અરજી રજુ થયે નિયમ મુજબ રકમ ભરપાઈ કર્યે અરજદારને જરૂરીયાત મુજબનું પોલીસ પ્રોટેક્શન પુરૂ પાડવુ.

(૭) અરજદારે કોર્ટ કમીશ્નરશ્રીના મહેનતાણાની રકમ રૂા.૨૦,૦૦૦/– આ હુકમ તારીખથી ૩૦ દીવસમાં કોર્ટમાં જમા કરાવવાના રહેશે અને જો ૩૦ દીવસમાં આ રકમ જમા કરવામાં નિષ્ફળ રહે તો હાલનો હુકમ આપોઆપ રદ્દ ગણાશે.

(૮) કમીશ્નર મહેનતાણાની રકમ જમા થયેથી કમીશ્નરશ્રીએ સીક્યોર્ડ મિલકતનો કબ્જો મેળવવાની કાર્યવાહી હાથ ધરવાની રહેશે અને તે માટે કબ્જો લેતા પહેલા ૧૫ દીવસની નોટીસ સામાવાળાને આપવાની રહેશે.

(૯) સામાવાળાને નોટીસ બજ્યા પછી કોર્ટ કમીશ્નરશ્રીએ જરૂરી કાર્યવાહી કરી મિલકતનો કબ્જો મેળવી અરજદાર સંસ્થાના અધિકૃત વ્યક્તિને સુપ્રત કરવો અને તે અંગેનો વિગતવારનો રીપોર્ટ કોર્ટને સુપ્રત કરવાનો રહેશે.

(૧૦) કોર્ટ કમીશ્નરશ્રીએ આ કાર્યવાહી રજાના દીવસે અથવા વર્કીંગના કલાકો સિવાયના સમયમાં કરવાની રહેશે.

(૧૧) કમીશ્નરશ્રીનો રીપોર્ટ રજુ થયેથી હાલના કામે સામેલ રાખવો.

આજ તા.૧૭, માસ–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ હુકમ જાહેર કર્યો.

અમદાવાદ શહેર.
તા.૧૭/૦૩/૨૦૨૬

**(એસ. એન. કુલકરણી)**
૪૩ માં એડીશ્નલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૩, અમદાવાદ શહેર.
કોડ નં.**જીજે–૦૧૩૯૪.**